# કલોલના નારદીપુર ગામમાં મધરાતે તસ્કરોનો તરખાટ

## બોરકુવાની ઓરડીમાંથી રોકડ અને દાગીનાની ચોરી : બે સ્થળે ચોરીનો પ્રયાસ

કલોલ, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા વિસ્તારમાં આવેલા નારદીપુર ગામે ગત રાત્રીએ ઘુસી ગયેલા સાત થી આઠ તસ્કરોએ ગામમાં રીતસરનો તરખાટ મચાવી મુકતા ગ્રામજનો ફફડી ઉઠ્યા છે. રાત્રી દરમ્યાન ત્રાટકેલા તસ્કરોએ ગામમાં બે સ્થળે ચોરીનો કરેલો પ્રયાસ નિષ્ફળ ગયો હતો જ્યારે એક નિશાનો પાકો વાગ્યો હતો. ગામની સીમના એક બોરકુવાની ઓરડીમાંથી રોકડ તથા સોનાચાંદીના દાગીના મળીને તસ્કરો રૂ. ૩૧,૫૦૦ની મત્તા ચોરી ફરાર થઈ ગયા હતા. આ તસ્કરો પર એક રહીશનું ધ્યાન પડતાં બુમાબુમ કરી હતી. જેથી તસ્કરોએ દોટ મુકીને રફુચક્કર થઈ ગયા હતા. કલોલ તાલુકા પોલીસે આ સંદર્ભે ચોરીનો ગુનો નોંધી બાતમીદારોને સક્રિય કરી તપાસનો દોર શરૂ કર્યો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગઈકાલે નારદીપુર ગામમાં તસ્કર ટોળકીએ હાથ અજમાવ્યો હતો. ગામમાં બબ્બે ઠેકાણે આ ટોળકીએ ચોરીના પ્રયાસો કર્યા પરંતુ નસીબ આડે પાંદડુ હોય તેમ બન્નેમાંથી એક પણ જગ્યાએથી કોઈ કિંમતી માલમત્તા મળી ન હતી. આખરે આ ટોળકીએ ત્રીજુ નિશાન નારદીપુર ગામના એક બોરકુવાની ઓરડીને બનાવ્યું હતું. તેમાં પડેલા ચોખાના એક કટ્ટાને ફેંદતા તેમાંથી રૂ. ૨૫ હજાર રોકડા મળી આવ્યા હતા અને અન્ય એક પ્લાસ્ટીકના ડબ્બામાંથી પણ તસ્કરોને સોના-ચાંદીના દાગીના મળી ગયા હતા. તસ્કરો રૂ. ૩૧,૫૦૦ની મત્તા ઉઠાવીને સરકી જવાનો પ્રયત્ન કરી રહી હતી તે અરસામાં એક રહીશ ઊંઘમાંથી ઉઠી ગયો અને સાત થી આઠ જણાની ટોળકીને દેખી જતાં બુમાબુમ શરૂ કરી દીધી હતી. તસ્કરો મુદ્દામાલ લઈને ઉભી પુંછડીએ ભાગ્યા હતા અને અંધારામાં ઓગળી ગયા હતા. કલોલ તાલુકા પીઆઈ પી.ઓ. ભટ્ટને આ ઘટનાની જાણ કરાતા તેઓ તાત્કાલિક કાફલા સાથે બનાવ સ્થળે દોડી આવ્યા હતા અને ડૉગ સ્કવોર્ડ અને એફ.એસ.એલ.ની ફિંગર પ્રીન્ટ ટીમને પણ જાણ કરી બોલાવી લઈ વૈજ્ઞાનિક ઢબે તપાસ શરૂ કરી છે. આ ચોરીમાં જાણભેદુનો હાથ હોવાની શક્યતા દર્શાવીને પોલીસેતસ્કર ટોળકીને ઝડપી પાડવા કમર કસી છે. નારદીપુરના મોતીજી નાથાજી ઠાકોરની ફરીયાદને આધારે પોલીસે ચોરીનો ગુનો દાખલ કર્યો છે.



મેઘરાજા સંતાકુકડી રમવાના મુડમાં હોય તેમ બબ્બે દિવસે એક ઝાપટુ પાડીને ધોધમાર વરસાદની આશા બાંધીને થાપ આપી જાય છે. આજે કલોલમાં સવારે વરસાદી ઝાપટુ પડ્યું હતું. માત્ર અડધા કલાકમાં ચાર મી.મી. વરસાદ કલોલમાં ખાબક્યો હતો. (તસવીર : વિપુલ ચૌહાણ)

# વડસર કેનાલમાંથી ૨૫ વર્ષીય યુવાનનો મૃતદેહ મળતાં ચકચાર

## ખાત્રજના યુવાને અપઘાત કર્યો હોવાની આશંકા

કલોલ, તા. ૨૫

જિલ્લાના કલોલ તાલુકા વિસ્તારમાં આવેલી વડસરથી સાંતેજ તરફ જતી પેટા કેનાલમાંથી ગત મોડી સાંજે એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. આ સંદર્ભે કલોલ તાલુકા પોલીસને જાણ થતાં પોલીસ સ્થળ પર આવી પહોંચી હતી અને મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા ખાત્રજનો યુવાન હોવાનું બહાર આવ્યું હતું. યુવાને કોઈ કારણોસર આપઘાત કરી લીધો હોવાનું પોલીસને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. પોલીસે મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ આરંભી છે.

કલોલના વડસરથી સાંતેજ તરફ જતી નર્મદા પેટા કેનાલ પાસેથી પસાર થતા રાહદારીનું ધ્યાન કેનાલના પાણીમાં તરતા એક યુવાનના મૃતદેહ પર પડતા અરેરાટી મચી જવા પામી હતી. આ સંદર્ભે કલોલ તાલુકા પોલીસને જાણ કરી બોલાવી લેવામાં આવતા જમાદાર રાજેશકુમાર બનાવ સ્થળે આવી પહોંચ્યા હતા અને મૃતદેહ બહાર કઢાવી ઓળખ માટે તપાસ શરુ કરી હતી. આ યુવાન ખાત્રજ ગામનો ૨૫ વર્ષીય મનોજ પરમાનંદ સિંગ હોવાનું બહાર આવ્યું હતું. મુળ બિહારના વતની અને લાંબા સમયથી કલોલ ખાતે રહેતા આ યુવાનના મૃતદેહને પોસ્ટમાર્ટમ માટે કલોલ સિવિલ હોસ્પિટલ મોકલી મૃત્યુનું કારણ બહાર લાવવા પોલીસે તજવીજ શરુ કરી છે. જો કે હજુ સુધી મત્યુ પાછળનું કારણ સ્પષ્ટ થયું નથી. પ્રાથમિક તપાસમાં યુવાને આપઘાત કરીને મોત વ્હાલુ કર્યું હોવાની શકયતા પોલીસે વ્યકત કરી છે. કલોલ તાલુકા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરુ કરી છે અને યુવાને આપઘાત કર્યો હોય તો કયા કારણોસર અંતિમ પગલું ભર્યું તે દિશામાં પણ તપાસ આગળ ધપાવી છે.

## કર્મચારીઓની મહારેલી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**


● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમજ શિક્ષણ ભથ્થું આપતી નથી. પ્રવાસ ભથ્થાના વિવિધ દરો નક્કી કર્યા નથી. નિવૃત્તિ વય મર્યાદા ૫૮ થી વધારીને ૬૦ વર્ષની કરવાની દરખાસ્તનો પણ સરકારે સ્વીકાર કર્યો નથી.તબીબી ભથ્થાંની જગ્યાએ ૧૦ લાખની મેડીકલેઈમ પોલિસીની માગણી પણ રાખવામાં આવી છે.

કર્મચારી મંડળોએ એલટીસી છ હજારની મર્યાદામાં રોકડમાં આપવાની માગણી કરી છે. રેલ્વે તેમજ એસટી સિવાય કેન્દ્ર માન્ય આઈટીડીસી જેવી સંસ્થાઓને માન્યતા આપવાની માગણી પણ પડતર છે. કર્મચારી મંડળોની મોટી માગણી ફીક્સ પગારના વેતનદારોની છે, કે જેમને ૧૧ માસના કોન્ટ્રાક્ટમાં કામ કરવું પડે છે. આ કેસમાં ગુજરાત હાઈકોર્ટના ચૂકાદાનું પાલન કરવા મંડળો આગ્રહી છે. શિક્ષણ વિભાગના કર્મચારીઓને સરકારી કર્મચારીઓ જેવાં ભથ્થાં આપવામાં પણ સરકાર આનાકાની કરે છે. સરકાર બાકી રહેલા કર્મચારીઓને રાહત દરના પ્લોટ પણ આપતી નથી. આ તમામ માગણીઓના સંદર્ભમાં આ કાર્યક્રમો અપાયા છે.

૨૬મીએ કર્મચારીઓની રેલીમાં ૬૦ હજાર થી એક લાખ કર્મચારીઓ જોડાશે તેવું વિશ્નુભાઈએ કહ્યું હતું. આ રેલી ઈન્કમટેક્સથી નિકળીને વિજય ચાર રસ્તા થઈને એજ્યુકેશન ગ્રાઉન્ડમાં સભાના રૂપમાં ફેરવાશે. ૨૭મીએ માસ સીએલનું પણ એલાન કરવામાં આવ્યું છે. સરકારના વર્ગ-૧ થી વર્ગ-૪ના તમામ કર્મચારીઓને જોડાવા માટેનું એલાન કરવામાં આવ્યું છે.

## શબ્દાવલી - ૪૮૨૬



**આડી ચાવી**

૧. અજવાળુ (૩)
૪. કવિતા રચનાર સ્ત્રી (૪)
૭. ડરાવે તેવું (૪)
૮. એક શાક, ચીંભડુ (૩)
૯. સુરક્ષા, રખવાળુ (૪)
૧૦. મડદાને પહેરાવાતુ કે ઓઢાડાતું વસ્ત્ર (૩)
૧૧. પાકી ગયેલ, વૃધ્ધ (૩)
૧૩. ગેડ, કરચલી (૨)
૧૫. નાક વિનાનું (૩)
૧૬. આશ્ચર્ય (૪)
૧૭. વેપાર-ધંધો (૩)
૧૮. સ્મશાન (૩)
૧૯. દોરાની કોકડી, ફિલ્મની પટ્ટી (૨)

**ઊભી ચાવી**

૧. ડકાર, તૃપ્ત થયા પછી મોંથી થતો અવાજ (૪)
૨. થોડુક, સ્હેજ (૩)
૩. એક પક્ષી (૩)
૫. વહેંચણી કરવી તે (૪)
૬. ત્રણ ખૂણાવાળુ (૩)
૯. ... ત્યાં જંપ (૨)
૧૦. હિંચકો, પાટ (૨)
૧૧. પાકુ (ગુંદર વગેરે ઘીમાં પકવેલ) (૨)
૧૨. કડવા બોલ (૪)
૧૩. સરકારને લગતું (૪)
૧૪. 'જળ' શબ્દ ઊંધો (૨)
૧૫. કૂણું, ઢીલું (૩)
૧૬. અદૃશ્ય, ગાયબ (૩)

### શબ્દાવલી ૪૮૨૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) વિવિશતા (૪) અંજામ (૭) જોગણ (૮) અધમણ (૯) મમત્ત્વ (૧૦) આચમન (૧૨) પ્રાશ (૧૩) ચમત્કાર (૧૫) માનદ્ (૧૭) મક્કાર (૧૮) નઈ (૨૦) નવ (૨૧) વાદ

**ઊભી ચાવી :-** (૧) વિજોગ (૨) વગ (૩) શણ (૪) અંધત્વ (૫) જામ (૬) મણકા (૮) અમનચમન (૯) મમ (૧૦) આશન (૧૧) સત્કાર (૧૨) પ્રામાણિક (૧૪) મક્કાઈ (૧૬) દર્શન (૧૯) પદ

## મોટી ભોયણની એક કંપનીમાં કામદારને સર્પદંશ

કલોલ, તા. ૨૫

કલોલ તાલુકા ગ્રામ્ય વિસ્તારોમાં સર્પદંશના સંખ્યાબંધ બનાવો નોંધાતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. બે દિવસ અગાઉ પણ એક જ દિવસે સર્પદંશના બે બનાવો બનવા પામ્યા હતા ત્યારે ગત રાત્રીએ પણ વધુ એક કિસ્સો બનવા પામ્યો છે. મોટી ભોયણ ગામમાં સ્થિત પ્લાસ્ટીકની બેગ બનાવતી ગુજરાત ડાયનોસ્ટોપ કંપનીમાં નાઈટ શિફ્ટમાં ફરજ બજાવતા ૧૮ વર્ષીય વિકાસ રામકૃપાલભાઈને રાતે એક વાગ્યે સર્પે દંશ મારતા ગંભીર હાલતમાં કલોલની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. કલોલ તાલુકા પોલીસે જામવા જોગ અરજીને આધારે તપાસ શરૂ કરી છે.


**ટચુકડી જાહેર ખબર**

દર ગુરુવારે અને રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧



**सत्यमेव जयते**

આજની તારીખમાં જે પ્રમાણે **મુંબઈ અને દિલ્હીને**

**સસ્તો (APM) ગેસ મળે છે,**

**તે ગુજરાતમાં GSPC GASને મળતો નથી.**

કેન્દ્ર સરકારની ભેદભાવની નીતિને લીધે

**અમદાવાદ તથા ગુજરાતના અન્ય શહેરોમાં CNG અને ઘર વપરાશ માટે મોંઘો આયાતી ગેસ આપવામાં આવે છે,**

જ્યારે મુંબઈ અને દિલ્હીને

સસ્તો ડોમેસ્ટીક ગેસ આપવામાં આવે છે.

ગુજરાતના CNG અને PNG વપરાશકર્તાઓની ઉપેક્ષા કરીને

**ઉદ્યોગગૃહોને સસ્તો ગેસ કેન્દ્ર સરકાર દ્વારા બારોબાર આપવામાં આવે છે.**

**કેન્દ્ર સરકારના આક્ષેપો સત્યથી તદ્દન વેગળા છે.**

**જો કેન્દ્ર સરકાર, દિલ્હી અને મુંબઈના ભાવે ગુજરાતને ગેસ આપે તો ગુજરાત સરકાર ગેસનો ભાવ ૩૦% ઘટાડવા કટિબદ્ધ છે.**

ગુજરાત સરકાર